માહિતી(મેળવવાના)અધિકાર અધિનિયમ-૨૦૦૫
ગૃહ વિભાગમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને
મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રીની
નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર
હુકમ ક્રમાંક:આરટીઆઇ/૧૦૨૦૦૫/૧૯૫૫(પા.ફા)/પી
ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
તારીખ:- ૨૧/૦૨/૨૦૧૪.

વંચાણે લીધા:-ગૃહ વિભાગનો તા.૨૬/૦૫/૨૦૦૮ના હુકમ ક્રમાંક:આરટીઆઇ/૧૦૨૦૦૫/૧૯૫૫/ પી

હુકમ:

ગૃહ વિભાગના વંચાણે લીધેલ હુકમથી માહિતી(મેળવવાના) અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૫(૧) તથા ૫(૨) ની જોગવાઇઓ અનુસાર ગૃહ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીઓ, મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રીઓ તથા એપેલેટ અધિકારીશ્રીઓની નિમણૂંક કરતા હુકમો કરવામાં આવેલ છે.

૨. સચિવશ્રી(ગૃહ)ની તા.૧૦/૦૨/૨૦૧૪ની નોંધ પર મળેલ અનુમતિથી માહિતી અધિકાર અધિનિયમ,૨૦૦૫ ની ઇ-૧ શાખાની કામગીરી માટે ગૃહ વિભાગની ઇ-૧ શાખાના સેકશન અધિકારીશ્રીને જાહેર માહિતી અધિકારી તરીકે અને ઇ-૧ શાખાના તમામ નાયબ સેકશન અધિકારીશ્રીઓને મદદનીશ જાહેર માહિતી અધિકારી તરીકે હોદ્દા જોગ નિમણૂંક કરવામાં આવે છે. ઇ-૧ શાખાના એપેલેટ અધિકારીશ્રી તરીકે નાયબ સચિવશ્રી(નશાબંધી) છે તે યથાવત રહે છે.

૩. આ હુકમનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

૪. વિભાગની ઇ-૧ શાખાના ઉપસચિવશ્રી તરીકે નવી નિમણૂંક થાય કે ચાર્જ સોંપાય તો પ્રસ્તુત હુકમ આપોઆપ રદ ગણવાના રહેશે અને તા.૨૬/૦૫/૨૦૦૮ના વંચાણે લીધેલ હુકમો આપોઆપ અમલી બનશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

J. R. Patel

(જીગર પટેલ)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

નકલ રવાના:

-પરમ સમ્માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર(પત્ર દ્વારા)

......(૨)

- સચિવશ્રી,ગુજરાત માહિતી આયોગ,બ્યુરો ભવન,સેક્ટર-૧૮, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર
- માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(વસુતાપ્ર),સામાન્ય વહીવટ વિભાગ,બ્લોક નં-૭, સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી,ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(મહેકમ),ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સર્વે ઉપ સચિવશ્રી,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, ઇ-૧ શાખા, ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી,(આઇ.ટી.શાખા), ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર પ્રસ્તુત હુકમની નકલ વેબસાઇટ પર મુકવા સારૂ
- સર્વે નાયબ સેકશન અધિકારીશ્રી, ઇ-૧ શાખા,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- કાર્યાલય આદેશ ફાઇલ
- સેકશન અધિકારી સીલેક્ટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સીલેક્ટ ફાઇલ.